૩૨૫૫

થોડું પાણી કાહાડી નાખીને વપરાસમાં લેવાની કાંઇપણ હરકત નથી. આ હમારાં લખાણની ઘટતી અસર રૂશતમપુરાનાં ઘણા ખરા શઘલા જરથોસતીઓમાં થઈ છે. અને હમો ઊપર બે દજનથી વધુ ચરચા પતરો એ બાબેના સુરત ખાતેથી આવીયાંછે, જેમાં હમારા દસતુરજીનો તથા હમારાં પતરનો ઉપકાર માનવામાં આવીયો છે અને તે કુવો તેહાંના લોકોએ વપરાસમાં લીધો છે. હમોએ હમારાં પતરનાં નામ મુજબ હમારી એક ખરી ફરજ બજાવી છે, તે માટે હમોને ઊપકાર કે તારીફ ઘટતી નથી. જે કામમાં ફરજનું કરજ અદા કરવાનું તે કામમાં હમો જોઇતી વખતે કદી પછાત પડશું નહીં. આ યજદાંપરસત પતરમાં જે ઘણાએક ધરમ શંબંધી શવાલો પુછવામાં આવે છે તેના જે ખોલાસેવાર જવાબો હમારા દસતુરજી તરફથી આપવામાં આવે છે, તેની ઘટતી અશર થયલી જોઇને હમોને ખુશાલી ઊપજે છે. વાંચનારી કદરદાંન આલમ હમારી સેવાની જે કદર પીછાંને છે, તેટલોજ શંતોશ હમોને ખશ છે.

(યજદાં પરસત તા૦ ૨૭ મેએ સને ૧૮૭૫)

સુરત રૂસતમપુરા તા૦ ૨૦ એપરેલ ૧૮૭૫.

મેહેરબાન યજદાં પરસતના અધીપતી જોગ

સાહેબ—રૂસતમપુરાના શેઠનાં કુવામાં એક જુદદીન પડેલો તેથી તે કુવાનું પાણી વાપડવા વીશે તમારાં નામીચાં પતરમાં જમો સાહેબ તરફથી કેટલાક ધરમના ફકરાઓ ટાંકી તેનો શારી

તે ખુલાશો જણાવવામાં આવેલો છે તેથી તમો શાહેબનો રૂસતમપ શાના જરથોશતી ઉપર મોટો ઉપકાર થયોછે.

એ કુવાનું પાણી ઘણાંક જરથોશતીઓ વાપરેછે પણ ફ્શામ જશાનાં કેટલાક પદાંનીઓએ તરણ દીવશ શુધો પાણી વાપરીઉ પ છી રીમન થયો કરી વાપડતા નથી તેથી હેવી વાશતી રહેછે કે એ કુવો હાલમાં વાપરનારા જરતોશતીઓથી વપડાતો એકદમ બંધ ક રવાને કદાચ તેમાં કુતરો, બીલાડી કે કાગડો એવું કાંઈ પણ જના વર નાંખવામાં આવે.

માટે હું તમો શાહેબને નમ્રતાઈથી અરજ કરૂંછુ કે એ કુ વામાં કુતરો, બીલાડી કે કાગડો પડેતો તે વખતે તુરત શું ઉપાય ક રવો તે વીશે એ કુવાનું પાણી વાપડનારાઓ ઉપર મેરબાની કરી તમારાં નામીચાં પતરમાં ધરમના ફરમાંનો પરમાંણે દયા આલતા રી વાજ પરમાંણે ખુલાશો જણાવવાને તશદી લેશો.

ઉપલા સવાલનો જવાબ.

તમો "બીલાડા"નો વાંધો નો લેશો, કારણકે તે રીમન નથી મગર ખરવશતર છે. પણ "રીમન" ટીપમાં તમારો કાગડો, કુતરો અને બે પગનો ઉડરોછે ને જો તમારા કેહેવા પરમાણે નાંખવામાં આવેતો તેને શારૂબી એજ તમોને જણાવેલા અવશતાની રીતે શુધ કરવાનું કુદરતી ફરમાંનછે તે પરમાંણે શરવદા તેવી કોઈ બાબદ શા ર ઉપાય તથા અગલ કરવાને હીમતવાંન થવું કે તેથી તમોએ તે હ ક કીધેલું બલકે ખોદાતાલાનું ફરમાંન બજાવેલુંછે એમ ચોકસ

રયું છે

(ઈઅજદાં પરસત તા૦ ૯મી મેએ સને ૧૮૭૫.)

રૂસાતમપુરાનો કુવો અને દસતુર દારાબજીના ફરમાનનો ધુવો.

રૂસતમપુરાના 'શેઠના કુવા' વીશેની તકરાર આગળ વધીછે. આ કુવામાં એક દુબરો દુબી મરણ પામવાથી તે કુવો જરથોસ્તી ધરમ પરમાંણે, તેમાંથી થોડો ભાગ પાણી કાટી નાંખીને વપરાશમાં લેવાની કશી અડચણ નથી, એવું અવશતાની શહાદતો ટાંકીને હમારા ધરમબોધ લખનાર દસતુરજીએ શાબેત કરી આપયુ છે. જે ઉપરથી રૂસતમપુરાના લોકોએ તે કુવો વપરાશમાં લીધોછે ને છતાં શુરતના દસતુર દારાબજી કાંઈ પણ અવશતાની સાહાદત કે દાખલા જણાવીયા વગર એ કુવાને એક વરસ સુધી પડતલ નાંખી તેનું પાણી વપરાસમાં લેવું નહીં, એવું શમજાવે છે, તે કેટલું ગલત છે તે એ દસતુરજીએ જાહેરમાં કોઇ રીતનો ખોલાસો નહીં કરવાથી ખોલુ જણાઈ આવે છે. હમારા પતરની ઘટતી અશર સુરતના રૂસતમપુરાવાશીઓને થયલી, હમોને મલેલાં ચરચાપતરો ઉપરથી, ખોલી જણાઈ છે. તે છતાં સુરતના ગુજરાત મીતર નામના એક પતરમાં કોઇ શખશ ચરચાપતર છપાવીને હમારા પતરમાં એ કુવાને લગતી આવેલી હકીકત ખોટી પાડવાની ઘણી હલકી કોશેશ કરે છે, પણ તેવી કોશેશને એકદમ જમીનદોશત કરવાને હમોને સુરતથી કેટલાએક ચરચા પતરો મલીયાં છે, જેઓની મતલબ એકજ સરખી

હોવાથી તે શઘલાં હમો છાપી શકતા નથી, તોપણ એક ખરી શહી સાથના ચરચા પતરની ન્યાજના પતરમાં જગા કરીયે છઇએ એ ચરચા પતર વાંચવાથી શરવેની ખાતરી થશે કે હમારાં પતરમાં એ કુવા શંબધી છપાયલી બીના તદન ખરી છે. સુરતના દસતુરજીને હમારા ધરમબોધ લખનાર દસતુરજીએ એ બાબદમાં જણાવેલા અવસતા કોઇબી રીતે ખોટા હોય એવું શાબેત કરવાને "ચેલેંજ" કરીએ છીએ. સુરતના દસતુરજી કાંઈપણ અવસતાની શાહદત જણાવીયા વગર કે હમારા ધરમબોધ લખનાર દસતુરજી શાહેબે આપેલા અવસતાની શાહાદત ખોટી છે, એવું શાબેત કરયા વગર આ યજદાં પરશતમાં જણાવેલા અવસતાની શાહાદત કબુલ નહીં રાખતા હોય, તો તેમ કરવાનું તેવણ પાશે શું મોતેબર કારણ છે. તે જાહેરમાં જણાવવું જોઈએ. જીઆંસુધી સુરતના દસતુર દારાબજી જાહેરમાં એવો કાંઇપણ ખોલાસો કરે નહીં, તયાં સુધી તેવણ જેબી કાંઇ કહે, તે એકદમ કબુલ કરવાને રૂસતમપુરાના જરથોસતીઓ મુદલ બંધાયલા નથી, અને તેજ પરમાણે થયું છે, એટલે હમો એ બાબદમાં વધુ લખતાં હાલ તરત પહરેજ રહીએ છીએ. સમાપ્ત કરતાં હમો સુરતના દસતુરજી દારાબજીને ફરીથી જાહેરમાં "ચાલેંજ" કરીએ છઈએ કે, તેવણમાં જો કાંઈબી દમ હોય તો હમારા ધરમબોધ લખનાર દસતુરજી શાહેબે જે કાંઈ બાબદ એ કુવાને વાપરવાના સંબંધમાં જરથોસતી ધરમના ફરમાન શાથ જણાવી છે, તે ખોટી પાડવાને બાહેર પડવું. નહીંતો ચુપકી પકડી હવડે સુધી કબુલ રાખીછે તેમ યજદાંપરશતનું ફરમાન કબુલ રાખી અબોલા બેસવું.

રૂસતમપરાનો કુવો અને સુરતના દસતુરો.

નેકનામ યજદાં પરસતના અધીપતી જોગ,

શાહેબ—રૂસતમપરા મધેના શેઠવાલા મોટા ગંજાવર કુવામાં પડેલું વાશણ કહાડવા શારૂ જે દુબડાને ઉતારેઓ હતો તે દુબડો બે મરતબે પાણી ઉપર આવેઓ અને ત્રીજી બુડકી મારી, પણ દશ મીનીટ સુધી ઊપર આવેઓ નહીં તયારે કુવા ઉપર ઉભેલા જરથોસ્તીઓએ જાંણીઊ કે તે મરણ પામયો છે. તેને બાહાર કાઢવા સારૂ બે ચાર પારસીઓ ઝાંપા તરફ દોડી ગયા અને તયાંથી ચાર પાંચ વોહોરાઓને બોલાવી લાવેઆ, અને તેઓને કહયું કે દીવાબતીની આગમજ દુબડાને બહાર કાઢવો જોઇએ, તેથી તે લોકોએ રૂ ૧૫ માંગેઆ તે આપવાને રતનપેશીના શોરાબજીએ કબુલ કરયું અને જજકલુ થતાં આગમજ દુબડાને બાહાર કાડેઓ, એટલે શો બશો માણસ કુવા ઉપર ચઢી ગયું અને શેકડો હાંડા પાણી કાઢી નાખીઉ તેની બીજે દહાડે ફરવરદીન રોજ હતો માટે ઘણાં લોકોએ પાણી તે વાપરીઉ અને તેમજ બેહરામરોજે બપોર સુધી વાપરીઉ. હવે શોરાબજી પારસીએ રૂ.૧૫ આપેલા તેનું અને કુવો ગાલવાનો ઉઘરાટ કીધો તે આગમજ દોરાબજી દસતુર પાશે તે પારસી ગયો અને તેવણને હકીકત કહી, તયારે દસતુરજીએ કહયું કે તમો હવડાં પુછવા આવેઆ, લોક પાણી પીઈ ચુકાં, તયારે શું તેવણનાં આંતરડાંમાંથી પાંણી નીચવી કાઢીએ? શોરાબજીએ કહયું કે તાંહાં ઘણા મોબેદો અને બેહેદીન હતા તેઓ બોલેઆ કે જુદદીન માણસ ખરફસ્તર જેવું છે તેથી લોકોએ કુવાપર ચઢી પાણી કાઢી નાંખીઉ. દસ

તુરજી બોલેઆ કે કાલઉડીને તમો હીંદુઓની ખાંધ મારવાબી જ શો કે? અને વલી બોલેઆ કે મુડદુ કુવામાં હતું અને લોકોએ પાણી કાઢી નાંખીઉ. શોરાબજીએ કહયુકે એ વાત બીલકુલ ખોટીછે. દસતુરજીએ એક પારસીને શાખશી બોલાવેઓ તેને શોરાબજીએ કશમ આપેઆ કે મુડદુ કુવામાં હતું ને પાણી કાઢીનાખીઉ કે બાહાર કાહાડેઆ પછી કાહાડી નાખીઉ, તે દસતુરજીને જાહેર કર. તે શાક્ષી બોલેઓકે મુડદું કાહાડેઆ પછી પાણી કાઢી નાખીઉ. તે શાંભલીને દસતુરજી પીઠ ફેરવી ઘેરઅંદર ગયા. શોરાબજીએ કહયુકે, શાહેબ તમારો સાક્ષી શું બોલેઓ તે તમોએ શાંભલીઉ? માટે હવે તમારો હોકમ શું છે? લોકો પાણી ભરેછે તેને ભરવા દીએ કે અટકાવીએ? દસતુરજી બોલઆ કે હુ ના નથી કેહતો તેમ હા નથી કેહતો; તમોએ આપખુદીથી મને પુછેઆ વગર કીધું તે તમારે ગમે તેમ કરો. શોરાબજી પારશીએ કહયું કે હમોએ અંજાંણમાં ગમે તેમ કરીઉં; હવે શાહેબ શું ફરમાવો છો, તે હુકમ આપો. દસતુરજીએ કોઈબી જાતનો હુકમ આપવાને ના પાડી. શોરાબજીએ દસતુરજીને તયાંથી નીકલેઆ પછે ઉઘરાટ કીધો તેમાં લોકોએ પાવલો અરધો ભરેઓ અને તે દસતુરજીની પાશે લઈ ગયો. દસતુરજી બોલેઆ કે દસતુરજીનું કામ લેવાનું છે, આપવાનું નથી. શોરાબજીએ કહયું કે શાહેબ, દોઢોડ પોણા બે રૂપીઆ આવેઆચ તે ગમેતો લેઓ, હેવી કેટલીક વાતો કરીને સોરાબજી બાહાર નીકલેઓ અને સોરાબજી દસતુરના છોકરા અરદેશરજી પાસે ગયો. તેવણે રૂપીઓ અડધો કાગલમાં ભરી આપેઓ. ઉઘરાટમાંથી જે રૂપીઆ હોરાના બાદ કરતાં બાકી રહયા તે એક દહાડો આખો અને એક રાત બે કોસથી પાણી કાઢી નાખ

વામાં ખરચેઆ. કોશ ચાલતા હતા તે વેલા દસતુરજી ફરામપરા માં ફરેઆ અને લોકોને કહયું કે કુવો રીમન થયો છે તેથી લોકો થોડોવાર અચકી ગયાં. સાહેબ આ કેફીઅત વાંચીને તમો તથા તમા વાંચનારાઓ અજબ થશે. હેવી તકરાર નીકલી કે કુવો રીમન કયારે થાય કે દુબડાને નશશ પોહોચે તયારે પણ જયારે દુબડાને નશશ પોહોચતો નથી તેયારે કુવો રીમન થતો નથી. દુબડો જાતે હીંદુ અને તે તો ખરફશતરના જેવોજ ધરમ પુસતકમાં કહેલો છે તયારે કુવો રીમન થાય કયાંથી ? એની શામને દસતુરજી એવી તકરાર લાવેઆ કે આપણા લોકોનો રેવાજ છે અને વલી એક બીજો નવો ફતવો અથવા હોકમ દસતુરજીએ એવો શોધી કાહાડેઓચ કે હેવી અવશથામાં આવેલા કુવા (પડતલ નાખેલા કુવા) ને બાર મહીનાની મુદત પુરી થવા આવી હોય તેની એક દહાડો આગમચ કોઈ શખશ કુવામાં પથર અથવા ઢેફુ નાખેતો બીજા બાર મહીના સુધી તે કુવાનું પાણી વપરાએ નહીં. કેમકે તે કુવાનુ પાણી થંબ રહેવા દેવું જોઈએ. અધીપતી શાહેબ, યજદાં પરસતમાં એ બાબે ખુલાશો છાપીને તમોએ રૂસતમપરાના ગરીબ લોકોને ઉપકારી કરેઆ છે અને એ ભાંજગડ આગળ ચલાવીને અતરેના ગરીબોને વધારે ઉપકારી કરશો એવો ભરૂશો છે. એ બાબદમાં અતરેનાં લોકોએ ધરમ ફંડના અતરેના તરસતીઓને એક અરજી આપી છે કે દસતુરોને પુછીને ખુલાશો કરે, પણ તેને ઘણા દહાડા થયા પણ જવાબ મલેઓ નથી. યજદાંપરસત મધે છાપેલા અવસતામાં અરથ ઉપર દસતુરજી દારાબજી અને શેહરવાલા દસતુર રૂસતમજીએ શક નાખેઓ છે. તેની શામણે હેવું કેહવામાં આવીજ છે

કે, આગલા દહાડાપર જુદા ધરમવાલા સાતે બેશીને ખાણું ખાવાની બાબદ રાસત ગોફ્તારમાં છપાઈ હતી તેના ખુલાશામાં દસતુર પેસુતનજી બેહરામજી શંજાણાએ એજ ફકરો છપાવીને જાહેર કરીઊં છે કે જુદા ધરમવાલું માણુસ મુવા પછે ખરફસતરના જેવું છે તે બાબેબાં શાહેરવાલા દસતુર રૂસતમજી. દસતુર પેસુતનજીનાં ભુલ બતાવે છે; પણ ભુલ શું છે અને કેહવીરીતની છે તે કશું આજ સુધી બતાવી શકેઆ નથી. પણ ઉપલા બંધે દસતુરો હેવો ઢીંગ મારેચ કે જુદા ધરમવાલું માણશ જીવતા અપવીતર છે તેને કુવાગાં ઉતારીઊં તેથી કુવો રીમન થયો. આ કેહવી માતેબર દલીલછે અને એ બંને દસતુરોની શમજઅને અકલ ઉપર અફશોશ ખાધાવના રહેવાતું નથી. એ બને દસતુરોના ધરમાં દુબડા, કોળી, અને બીજા હેવાજ ફરેચ હરેચ, ધરમાનુ કામકાજ કરેચ અને શર શામાન શાફ કરેચ, તયારે શું તે રીંમન થતું નથી? પણ શાહેબ જેમ મોહોડામાં આવેચ તેગ બકારો કરેચ તેને કોણ અટકાવી શકે. હેવો બકારો કરવાનો અટકાવ કરવાને જે લોકોમાં શકતી છે તે લોકો મુગા બેશી તમાશો જોએચ. એ કુવાના પાણીથી ઢાલાજીવાલા ઢોરોને પીવા સારૂ અબાડો ભરાવતા હતા તે બંધે દસતુરોએ અટકાવેઓ છે. કમકે પાણી હોલે તેથી નશશ દોડેઆ કરે, હેવી બેહુદી વાતો એ બંધે દસતુરજીઓ ફેલાવે છે. તા૦ ૨જી મેએ ૧૮૭૫.

(ઇઅજદાં પરસત તા૦ ૧૬મો મેએ સને ૧૮૭૫.)

રૂસતમપરાનો રીમન રખણો.

ગયા એપરેલ માસમાં રૂસતમપરામધે રૂસતમ માણેકના કુ

આમાં એક દુખરો દુખી મરવાથી તેઆનાં મજદયસનીઓમાં અવ ફેર થવાના સબબે તે વાંધાનું નીવારણ હમારાં યજદાં પરસત પત રને સવાલ કરી તેના જવાબ ઉપર ટેકાવયામાં આવીયું હતું, અને તે સવાલો અતરે આવીયા ઉપરથી તેના ખોલાસાવાર જવાબો હમારાં તા૦ ૧૧ તથા તા૦ ૧૮મી એપરેલના આ પતરમાં આપવામાં આવીઆ હતા. હમારા પતરના નાહાનાં કદને લીધે એ સવાલના જવાબ બે ભાગમાં પરગટ કરવામાં આવીયા હતા, અને તે આદીસી અવસતા કલામનો તરજુમો વાંચનારાને સહમજ પડે માટે દરેક સબદને માથે "ફીગર" મુકી આપવામાં આવીયો હતો, અને તે કુદરતી કલામને આધારેજ જણાવામાં આવીઉં હતું કે તે "કુનો રીમન" નથી, કેમકે જુદદીન લોકોની મુવેલી લોડ માત્રને મુવેલાં "ખરફ્સતર"ની ટીપમાં કુદરતે ગણેલી છે એમ છતાંબી વલી જણાવયું હતું કે, કદાચ કોઈ મજદયસનીબી દુખી મુવું હોયતો તેની પણ લોડ બાહેર કાહાડીને તે કુવાના પાણીનો અરધો યા ત્રીજો યા ચોઠો અથવા પાંચમો હીસશો પાણી કાહાડી નાખીને પછે તે કુવાનું પાણી માણસ તથા પશુ ધોરોના પીવામાં લેવાને કશી અડચણ નથી. આમ વીશેશ વીગતે "અહુનવર" ના ૧૯માં "દરેગુબયો" (વંદીદાદ) નુસકની ૯–૧૨મી પરગદનાં ટુંક પણ ચોકશ અવસતાના દાખલાથી ચોખું સાબીત કરી આપીયું હતું.

જો કે "વંદીદાદ"ની ૯ઠી પરગદ મધે કુવા, કારંજા, નદી, નાલાં, બરફ, કરાં, અને દરીઆના પાણીમાં મુવેલી લોઠના નસાની બાબત, કુદરતે તેહનાં બોહલા વીસતાર સાથે જણાવેલી છે, જે મધે કુવાના પાણીને લગતો અવસતા દાખલો ટુંકમાં તરજુમાની

સરેશતે બીજા શબદો લખીઆ વગર તે ફકત આવસતાનોજ તરજુ મો ઊપલા સવાલના જવાબમાં તા૦ ૧૮મી એપરેલના પતરમાં વાં ચનારા દાનેશમંદોની હજુર મેલીઓ હતો અને તેમ કરવાનું કાર ણ માતર એજ હતું કે કુદરતે ઉપલું નામબનામ પાણી નસા જે વી અડચણથી પડત અથવા હવણ રાખવાની પોતાની આકાશી વ હીમાં કશું પણ જણાવીયું નથી; લેકીન તેનું તુરત વેલા નીવારણ કરવાના કાયદા કાંનુન અને અપવાદો જણાવી તે પાણી વપરાસ માં આણવાની ફરજ બતાવેલી છે, અને તેટલાજ ઉપરથી રૂશતમ પરાવાસી મજદયશનીઓની તેહવી હરકત દુર કરવા માટે તેમને ગોઠતા અવસતાથી સતાવાર શહમજાવવામાં આવીયું હતું.

માંડા ભાયગે ઉપલી નીરજીવ અને વાંધા વગરની બાબદમાં રૂસતમપરાવાસીઓના ચરચા પતરોનાં અનેક લખાંણો ઉપરથી જોવામાં આવે છે કે રૂસતમપોરીઆઓ બે "પારટી" માં વેહેંચા ઇ જઇ રસપર આવીયા છે, અને તે ખોટી રસાકશી માતર તેમની બેવકુફી અને અધુરાપણું દેખાડી આપે છે. જેમ તેઓના ગુરૂજી બોધ કરવામાં લુખખા તેમ બોધ અકરશણીઓ પણ તેની શહમજ માં શુકકા હોય એમ તેમની રશાકશી ખોલલું કરી આપે છે, અને તે માટેનો એક નમુનો હમારાં પતરમાં ગયા રવીવારે છપાયલાં ચર ચા પતરમાંથી મલી આવે છે. હમારા ચરચા પતરીના લખવા પર માણે "બોધ" એમ છે કે ગોયા "નસસ દરૂજ" રીમનકારક રૂ સતમપરાના કુવામાં હુંધાયલો છે, તે કુવાનું પાણી હલાવવું નહીં જોઈએ (જેમ કેકાઉસની શલતનતના વખતમાં "સફેદ દેવ" માં જંનદરાંનના ગારમાં ૬ મહીના જાગતો હતો અને ૬ મહીનાં સુતો

હતો તેમ શીમની ભરેલો "નસરા દરૂજ" એક વરસ ! શુવે છે, અ ને એક વરસ જાગે છે) માટે કેમકે પાણી હીલીજી તો નસસ દરૂજ તુરત જાગીને હેરાંન થતો બહુ દોડે છે ! તારે ધરમબોધ સહીત આખું "રૂસતમપરૂં શીમન" થયુ !! અને જો વરસ દહાડો પાણી ઠંભ રહી નહીંજ હીલીઉતો પછે તે કુવામાં બાપરો નસસ દરૂજ શુખે નરાંતથી શુઈ રહેશે ! વાશને રે—ઓ રૂસતમપરીઆઓ આ કુવાનું પાણી હીલે નહી માટે શીમનીભરેલા નસસ દરૂજને ચીડ વતા નહી હો !!! શું બોધ આકરશણીઓ એરડા અરદુશા નથી ? વ ળી કદાચ અનાર જેહવાબી હોયતો તેમણામાં અરડાં બેહરાં ઉકર તાં નથી ? હેવું ગયા પતરમાં છપાયલાં ચરચા પતર ઉપરથી અનુ માણ લઇ શકાય છે.

આ બાબત લંબાણ કરતાં બંધ પાડી સીઆંના વાંચનારા ઓને ખુશી સાથે જણાવીયે છે કે, ખોદાતાઆલાની બક્ષેસથી આ બાબદવીશે મજકુર તેરીખે જણાવેલા કુદરતી વહીના કલાંમોએ રૂ સતમપરાનાં મોટા ભાગને અશર કરી છે. અને તેથી તેઓ મજકુર કુવાનું પાણી વાપરે છે અને જે જુજ લોકો વાપરતું નથી તેઓ ને તેમજ જેઓ વાપરે છે તેઓની જાણ માટે એક જુનો દાખલો ટાંકીએ છે, જે ચોકસ ધીઆંને વાંચવાથી સરવેની ખરી ખાતરી થશે.

રૂસતમપુરા વાસી જુના અથવા બુઘા લોકો ભુલી નહીં ગ યા હશે કે આજ આસરે ૪૨ વરસની વાત ઉપર આસરે સંવત ૧૮૯૦ના સાલમાં રૂસતમપરાવાસી આ૰ કાવસજી રતનજી કોટ વાલ રૂસતમ માણેકના કુવામાં પડી મરણ પાંમીઆ હતા, તે વેલા

નવસારી પંથના આખા ટોલાના વડા દસતુરજી સાહેબ રૂસતમજી નોશીરવાનજી મેહેરજી રાણાંવાળા સુરત રહેલા હતા, જેવણ ૧૮૯૩ ના સાલમાં નવસારી જઇ મરણ પાંમીઆ હતા, એ ભલા બેહેશતી નશીન દસતુરજી જે વેલા સુરત ખાતે હતા તે વેલા મજકુર આ૦ કાવસજી દુબી મરવાથી એ કુવો પડતર રાખવાને ઘણીજ સખત મના કરી હતી. મરનારની મુએલી લોથ બાહેર કાહાડેઆ પછે આ૦ શોરાબજી ખરીજીની વાડીના મોટા કોશો જોડાવી કેટલો ક ભાગ પાણી બાહેર ખેંચી નખાવી તુરત વેલા એ કુવો રૂસતંમ પોરીઆઓના વપરાસમાં લેવામાં આવાંચો હતો, જે વેલાએ ભલા દસતુરજીની પણ વીરૂધ કરવામાં થોડાક જુજ રૂસતમપોરીઆવો પછાત પડીઆ નોહતા. અને તે હીઆં સુધી કે તેજ અથવાડીઆં ના અરસામાં "તીર" મહીનાના ગાહંબારની "નયાચેન" નું જમણ પણ બે ગમ આપીઆમાં આવીયું હતું. "તરાવનોપાર" આગલ બેહુ બોરદુના માણસો રસપર આવી ઉભેલાં હતાં અને ચાસની કરવા આવતા લોકોને કહેતા હતા કે "રીમન (?) ગાહંબાર નું જમવાના હોવતો પંચના જગાપર જઓ, અને પાક ગાહમબાર નું જમવાના હોયતો અલાઇ બાગમાં જાઓ" ! પંચની જગાએ ગાંહંબારની ચાસનીનુ પકવાન બાહેરથી પાણીઓ મંગાવી પકાવી, ચાવલ દાર, પાલાં અને કોઠી, પીપમાં ખંગેરી, તપીલાં, કોઠી અને પીપો તે બાહેરનાજ પાણીથી ભરવામાં આવયાં હતાં. આસરે ૯ કલાકે શેહેરવાસી શેઠ એદલજીએ તયાં જસનની મોજલસ ઓછી અને પાંખાયલી જોવાથી પુછ પરછ કરતાં જણાયું કે એ રૂસતમ પોરીઆઓને રીમનીનો વાંધો છે. જે ઉપરથી બેહશતી સેઠ એદલ

જીએ તુરત દસતુર એદલજી નોશીરવાનજીની હજુર બોલાશે માંગ ત્યાં ખાતરી કીધી કે એ કુવાના વાંધા માટે સઘલું બનયું છે પણ દસતુરજીની પક્ષવાલાઓને તે વાંધો નથી. બેહશતી શેઠને દસતુરજીએ જણાવેલ કે એ કુવાનું પાણી " નયાયેત " ના ખપમાં આવેતો તે વણ પોતાના સઘલાં અનજુમન સાથે તે જસનની કીરીઆ બંદગીની મીજલશમાં આવી શકે છે. અને તેમાં સઉથી પેહેલાં દસતુરજી પોતે એ કુવાના પાણીથી " કુશતી પાદીઆબ " કરી બતાપે છે. અનુજુમન કુશતી કરશે, એમ અનેક હીંમતભર મજબુતીની બેશતી શેઠે ખાતરી કરવાથી તુરત વેલા તે ફેસાદ દુર કરવા સારૂ એ કુવા ઉપર " કુપો " બંધાવી પાંણી ખપમાં લેવાડીઉ. અને તે અનજુમનના ખપની પેહેલલાં બેહસતી દસતુરજી કુશતી પાદીઆબ કરી અનજુમનને તેમ કરવાની ફરજ દેખાડીને જશનની મીજલશમાં અનજુમન સાથે સામેલ થવાથી પછે તે પાણી નયાયેતના ખપમાં આવયું હતું, અને સઘલી ભાજગડ મટી ગઇ હતી. આ બાબતનુ સઘલું વીગતે વરણન આપવાને અતરે જરૂર નથી. પણ તે થોડા જ શબદોમાં જણાવી રૂસતમપરાવાસીઓને તે બાબત તાજી કરી આપીછે, જેથી તયાંના જુણા તથા બુધા માણસોની ગુમ થયલી યાદદાશત તાજી થવાથી હાલી વાંધાનું સેવટ આવી જાય હેવી ધારણાછે.

ઉપલી ટુક બાબત રૂસતમપરાવાસીઓના ધીઆનમાં ખેંચતાં બીજીબી એક બાબત જણાવીએ છે કે ઉપલા બનાવને આસરે પાંચ સાત વરસ પછે રૂસતમપરાવાસી આ૦ ખરશેદજી રતનજી બગલી પણ રૂસતમ માણેકના કુવામાં પડી મરણ પામીઆ હતા, જેવણનું ઘર તે કુવાની પાશેજ આવેલું હતું. એ વેલા દસતુર રૂસ

તમજી બેહશતનશીન થયા હતા. લેકીન સાંભલવા પરમાણે બેહેશતી દશતુરજી સાહેબનો દાખલો લેઈ તે રીતાં પરમાણે કુવો વપરાતો રાખવામાં આવયો હશે જેને લગતી સઘલી હકીકત અતરે આપ વાની જરૂર નથી.

આ બાબદમાં સમાપત કરતાં હમો જણાવીએ છે કે આ હાલ સમાનો નીરજીવ વાંધો રૂસતમપરાવાશીઓએ છોડી દઈ મરહુમ દસતુરજી શાહેબ રૂશતમજી નોશીરવાનજી મેહેરજીરાણાવાલાની હીંમત ભરેલી આગેવાંની તથા હમારા પતરમાં ગયા માસમાં જણાવેલા આકાશી અવશતા વાણીના ચોકસ અને મજબુત દાખલાઓ ઉપર સારી સભ્યતાથી લક્ષ આપી કોઇ ખોટી હુજતને હાંકી મુકવામાં મોટું માંન સમજવું જોઈએ છે. જો અવસતા કોઇ બાબદનો આપણને વાંધો નહીં દેખડાવે ને બાબદને માણસે જાણીબુજી વાંધામાં ઉતારવી એ ખરેખર ઇઅજદાં દુશમની ગુનહો ઈનામમાં લેવાનું સાધાન છે. માટે સોરખરૂહી એજ છે કે અવસતાને માંન આપવું અને અવસતા પરમાણે કોઈએણી દેખાડેલી માંન ભરેલી હીંમતને પણ મલીને પોતાનો કોઈ ખોટો વાંધો કાંટાની વાડમાં દાબી નાખવો એ દીન દુનીઆની જે રીતી છે તેમાં ઈનશાંન જાતીએ શોભાયમાંન થવાની જરૂર છે.

(ઇઅજદાં પરસત તા૦ ૨૩મી મેએ સને ૧૮૭૫.)

રૂસતમપરાનો કુવો અને દસતુર દારાબજી.

રૂસતમપરાના કુવાને લગતી ભાંજગડ વીશેના સુરત ખાતેથી હમોને ઘણાએક ચરચાપતરો દસતુર દારાબજીની વીઘરૂમાં મ

લીધાં છે, અને કેટલાંએક પતરોમાં તો એટલું સખત લખાણ કર્યું છે કે જે જાહેરમાં મેલવાને હમો દુરશત વીચારતા નથી, તોપણ હમારાં ઈરજદાં પરસતના લખાણની મોટી અસર રૂસતમપુરાના લોકોમાં થઈ છે અને દસતુર દારાબજીએ પોતાને મોહડેનું આપેલું ફરમાન હવાને શેં પવાગમાં આવયું છે. હમો સુરતથી મલેલાં દરેક ચરચા પતરની ખબર લેવાને ફરૂસત વીચારતા નથી, તોપણ એક ચરચા પતર જેના લખનારે પોતાનું ખરૂં નાગ આપયું છે, તેમાં હમારા પતરથી થએલી અસર બાબે જણાવીને તે હમોએ રૂસતમપુરાનો કુવો વાપરવાના સંબંધમાં આપેલા દાખલાઓમાં એક બીજા દાખલાનો ઉમેરો કરે છે અને જણાવે છે કે આશરે બાવીશ વરસપર ફરેજરની રાગપરાની વાડીના કુવામાં એક હીંદુ ડુબી મુવો તો. એ વેલા તીર ગહીનાના ઘહબાર કરવાના હતા જે ઉપરથી શેઠ મેરવાનજીએ એ વેલાના હશ્આત દસતુર જગશેદજીને પુછવાથી તેવણે એ કુવાને પાણીનો થોડો ભાગ કહડાવી નાખીને સુખેથી વાપરવાને જણાવયું હતું.

(ઇઅજદાં પરસત તા૦ ૩૦મી મેએ સને ૧૮૭૫.)

રૂસતમપરાનો કુવો અને યજદાં પરસતના લખાનોની અસર.

એક નજીવી વાત વખતે કેવું મોટું રૂપ પકડી બેસે છે અ

ને જરાવારમાં કેવો કાગનો વાઘ થઈ જાય છે તનો તુરતના દાખ લો જુઓ તો રૂસતમપુરાનો શેડનો કુવો છે. એ કુવો રીગન થ યો નથી તે યજદાંપરસતમાં દાખલા દલીલ સાથે બતાવી આપવામાં આવયું, અને દારાબજી દસતુર તેથી ઉલટોજ વીચાર ધરાવે છે તો જો કે જાહેરમાં એકથી વધારેવાર માગણી કરવા છતાં ખુલાશો કરવાને એ દસતુર શકતીવાન થયા નથી. હવે રૂસતમપરાની એક નજીવી સરખી વાત તેને નાહનપરાના અને શેહેરના પારસીઓ સાથે હેવો મોહટો શું સંબંધ હશે પણ સઘલે ઠેકાણે એનીએજ વાત ચાલે છે. દરેક ઠેકાણે યજદાં પરસતમાની એ બાબદ હોંસથી વંચાય છે અને દસતુર દારાબજીના ખોટા ફટવા ઉપર શઘલા લો કો મુદલ ધયાન આપતા નથી અવેના સધલા દસતુરોના મત યજ દાં પરસતના દસતુરજી સાથે બોલે બોલ મલતાં છે. ફકત દસતુર દારાબજીનોજ વીચાર જુદો છે. દસતુર દારાબજીના બાવાને, એ કુ વો વગર રજાએ તોડી, કોશ નાખવા બાબે જાહેરમાં કુવાના ધણી પાશે દરગુજર ચાહવી પડી હતી, તે વાતને દસતુર દારાબજીના જુ દા વીચારનું કારણ લોકો ધારે છે. દસતુર જેવા મોટા મરતબા ધ રાવનાર માણસ પાછલ આવી રીતના ટીકા થાય તે દરૂસત કહેવા ય નહીં તેવણનું મત છે કે કુવો રીમન થયો તો તે પુરવાર કરવા ને બદલે શા શારૂ પરદે છુપાઈ રહા છે? એ કુવાનો અશાડો જે ઢાલા ખાનદાન તરફથી ભરાતો હતો તે બંધ કરાવયો છે. પણ તે માં દારાબજી દસતુર પોતાનો બોલ ઉંચોરખાવા સીવાય બીજો શું લાભ સમજતા હશે?

(યજદાં પરસત તા૦ ૨૭મી જુન સને ૧૮૭૫.)

બાકીના દસતુરોએ યજદાં પરસતને મલતું આપેલું મત.

સુરતના દસતુર દારાબજી પોતાની ખોટી જીદીત કીહારે મેલશે? રૂસતમપુરાના શેઠના કુવામાં એક દુબરાના મરણ પામવાથી એ કુવો રીમન થયો માટે તે વપરાય નહીં એવું તેવણે જરતોસતી ધરમની કાંઈપણ શાહાદત આપયા વગર જણાવયું હતું પણ તેવણનું જણાવેલું તદન ખોટું તથા ગલટ છે એવું અમારા પતરમાં અવસતાના દાખલા દલીલ સાથ અમારા ધરમબોધ લખનાર દસતુરજીએ પુરતી રીતે સાબીત કરી આપયું છે તે છતાં દસતુર દારાબજી પોતાની આગલી જીતને વલગી રહયા છે, એ ખરેખર દલગીરી ભરેલું છે. હમોએ દસતુર દારાબજીને જાહેરમાં "ચાલેંજ" કરીએ છીએ કે જો તેવણમાં કંઈપણ દમ હોય તો અમારા પતરમાં આપેલા અવસતાના દાખલા ખોટા પાડવા, પણ તેમ કરવાની તેવણમાં કંઈપણ તાકાત રહી નથી એટલે "શબશે બરી ચુપ" પકડી બેસવામાં તેઓએ દાહપણ ખરચેઉ છે. હમારા ધરમ બોધ લખનાર દસતુરજીએ જે મત રૂસતમપુરાના શેઠના કુવાના સંબંધમાં આપયું છે તેજ મત થરવે તરફથી શવીકારવામાં આવયું છે અને આજના અમારા પતરમાં છપાયલાં એક ચરચા પતર ઉપરથી સરવેની ખાતરી થશે કે હમારા દસતુરજીના મતને નવસારીના દસતુરજી તરફથી, તથા દસતુર પેશોતનજી તથા દસતુર એરચજી તથા બીજાઓ તરફથી કબુલ રાખવામાં આવયું છે. આટલું છતાં પણ

જો દસતુર દારાબજીની ખાતરી નહીં થતી હોય, તો પછી આટલો જ શાર આપણે ખેંચી કાહાડીશું કે એ દસતુરજીનો જાહેરમાં અ છો રકાશ થવાથી તેવણને પોતાની ભુલ કબુલ કરવાને શરમ લાગે છે. આ હમારા યજદાં પરસતના લખાણથી રૂસતમપરાના જરથોસ તીઓમાં મોટી અસર થઈ છે અને દસતુર દારાબજીના એલમનો સઘલો ભરમ અમોએ ખોલી આપીઆથી રૂસતમપુરીઆઓને એ કુવો વાપરવાને હીંમત આવી છે.

પણ આ બાબદમાં જેટલો ઠપકો દસતુર દારાબજીને ઘટે છે તેથી વધારે ઠપકાને લાયક સુરતના સેઠીઆઓ છે દાકતર માણેક જી અને બીજાઓ જોગ એ કુવાના સંબંધમાં થયલી અરજીનો જ વાબ કેહાં છે ? આજ હડી મહીના થયા એક અરજી આપવામાં આવી છે તે છતાં કાંઇપણ તેનો નીવેડો લાવવામાં આવયો નથી, એમાં સુરતના શેઠીઆઓ શું મતલબ ધરાવે છે ? હમોને ખબર મલી છે કે કોઈ શેઠીઆઓને દસતુર દારાબજીનું મહોડું રાખવું પડે તેથી આ અરજીના જવાબમાં ઢીલ થઇ છે. પણ હમો જણા વીએ છીએ કે આ બાબદ એવી છે કે જેમાં કોઇનું મહોડું રાખ વાથી ભવીશયમાં તેના સારાં ફલ નીપજવાના નથી. આ ધરમ સંબંધી બાબતમાં એકાદ ધણીની શરમ રાખવા માટે શરવેને હલાક કરવાની વાત ખુબ ધયાનમાં રાખવી જોઈએ. સુરતના શેઠીઆઓ જોગ થય લી અરજીનો જવાબ મલવાગાં હવે કાંઇ પણ ખોટી થવી જોઇતી નથી કારણકે એ કુવાની બાબદમાં સઘલું દીવાની જોત જેવું પર કાસીત થઈ રહેલું છે માટે હવે વધારે વખત શા માટે થવો જોઈએ.

પેલા શેઠના કુવા બાબે દારાબજી દસતુર હજી પોતાની એંટ

છોડતા નથી તેથી ઘણી અજાયબી લાગેછે. રૂસતમપરીઆઓએ શેહે રના તેમજ નવસારી તથા મુંબઇના દસતુરોના મત મંગાવયાં છે, અને તેઓ સઘલાના ગત કુવો વાપરવાની તરફેણમાં છે. ફરામપરામાં ખારા પાણીનેઃ એક કુવો છે તે ગલાવા તથા ખારા નલ બંધ કરવા માટે દસતુરજીએ પોતાના પંદર વીસ શેવકોમાં ઉધરાણું કીધું હતું તે પરમાણે કુવો ગાલી ખારા નલ બંધ કીધા પણ તેમ કરતાં તો "લેને ગઇ પુત ઓર ખો આઈ ખશમ" જેવી વાત થઇ ગઇ. પાણીનો વધુ જોસ હોવાથી પેલા બંધ કીધેલા નલો તો ઉખડી ગયા પણ તેની સાથે બીજા ખારા નલોનો વધારો થયો તેથી આગલ સેહેજ સાજ પાણી વપરાતું હતું. તે હવે સદંતર બંધ પડયુંછે.

(ઇઅજદાં પરસત તા૦ ૧૮મી જુલાઇ સને ૧૮૭૫.)

એક દશતુરનાં ધરમ સંબધી બેફરમાન.

દસતુર પેશોતનજી બેહેરામજી સંજાનાની શામે ઘણી શખત ફરીયાદોથી ભરેલાં ચરચા પતરો હમોને આજ તરણ અડવાડીયાં થયાં સુરતખાતેથી મલીઆં જાય છે. રૂસતમપરાના શેઠના કુવામાં એક દુખરાના મરણ પામવાથી જે મોટો ગગડાટ સુરતના રૂસતમ પરાવાસીઓમાં આજ કેટલુંક થયું ચાલુ થયો છે તેના સંબંધમાં દસતુર પેશોતનજીનુ મત રૂસતમપુરાના કેટલાએક જરતોસતીઓએ માંગીઊં હતું તેમજ સુરતના શેઠીઆઓએ પણ એ દસતુરજીનો

એ બાબતમાં વીચાર જાણવાની ખાહેશ દેખાડી હતી જે પરમાણે એ દસતુરે બે જુદાં જુદાં ગનો સુરત ખાતે લખી મોકલયાં છે જે માં જો કે કેટલેક દરજજે દસતુર પેશુતનજી હમારા ધરમબોધ લખ નાર દસતુરજીના મતને મલતા થાએ છે તોપણ તેમજ કેટલીએક રીતે તેવણ પોતાનું ઉલતુ મત આપે છે. દસતુર પેશુતનજી એ જે બે મતો રૂસતમપુરાના કેટલાએક રહેવાસીઓ જોગ તથા સુરતના શેઠીઆઓ જોગ પતરો લખીને લખી મોકલયાં છે તે ની ચે આપીએ છે જે વાંચીઆથી દાનેશમંદોની ખાતરી થશે. કે દસ તુર પેશુતનજી એકજ બાબદમાં કેવા જુદા જુદા વીચાર આપેછે એ દસતુરના જુદાં જુદાં મત નીચે પરમાણે છેઃ—

દશતુર પેશુતનજીએ રૂસતમપરાના જરથોશતી ઓ જોગ લખેલો પતર.

જત ભાઈ સાહેબોનો તા૦ ૧૫મી અપરેલ સને ૧૮૭૫ હ શવીનો લખેલો પતર એક હમોને પહોંતોછે આએ પતરમાં તમોએ રૂસતમપરાખાતેનાં કુવામાં એક જુદદીન પડીને મરણ પામેઓ અ ને તેને બીજી ગેહેમાં કાઢેઓ તે કુવાને વાપરવો કે નહીં તે વાંશેનો હમોને સવાલ પુછાવેઓછે તેનાં જવાબમાં હમો લખી જણાવીએ છે કે પાક અવસતાની અંદર આવેલાં લખાંણ મુજબ મરણ પાંમે લા માણસને કાહાડેઆ પછી અડધો, પોણો કે પા ભાગ પાંણી કુવા માંથી કાહાડી નાંખેઆ પછી વાપરવાની મનાઇ નથી. પણ વેહેબ દલાવાના સબબથી આપણા બુજરોગોએ દુર અંદેશીથી દીનનાં કામ ની અંદર બેશક બેગુમાન રેહેવા સારૂ તે ઉપર ૧૩ મહીના ગુજ

રેઆ પછી તે કુવાનાં પાણીને વાપરવાનો ઠેડાવ કરેઓ છે તે હમારા વીચાર પરમાણે વાજબી અને ઘટતોછે. તુરતવેલા એજ અરજ.
રોજ ૧૩મો માહા ૮મો શને ૧૨૪૪ ઇઅજદજરદી.

લા૦ તમારો હમેશનો દુવાગો,

પેશોતન દસતુર બેહેરામજી શંજાણાની સલામ વાંચજોજી.

દશતુર પેશુતનજીએ સુરતના શેઠીઆઓ જોગ લખેલો પતર.

આપણી બરહક દીનના ફરમાણ પરમાણે જે કુવાની અંદર માણસ, સગ અને કેટલાંએક ચોકસ જાતનાં નશાની બરોબરના જાનવરો પડીને મરણ પામઆં હોએ તેને જો તેજ ઘેહેમાં બાહેર કાહાડેઆં હોએ તે કુવાનું અરધો, અથવા પા ઇઆ બને તેટલું પાણી તુરત કાહાડી નાંખીને તેને લગતું પાણી આપણા જરતોશતીઓમાં વાપરવાનું ફરમાંન વંદીદાદની દઠી પરગરદના પાક અવસતામાં આપેલુંછે પણ જો ઘેહે બદલાઈ હોએ ઈઆને જે ઘેહેમાં તે પડેલું હોએ તે ઘેહે પુરી થઈને બીજી ઘેહેનો વખત સરૂ થયો હોએ તો તે કુવાના પાણીને રીમની ઈઆને અપવીતરાઈ પોંહોચે છે. અને તે વીશેનું ફરમાન વંદીદાદની સાતમી પરગરદનાં પાક અવસતામાં આપેલું છે. માટે તે કુવાનું પાણી પેલા મરનારને કુવામાંથી કાહડવા પછે તેર મહીનાની મુદત પુરી થવા પછી વાપરવું, તેની આગમચ કોઇબી કારણસર જરતોસતીઓને વાપરવું સજાવાર નથીજી. તુરતવેલા એજ અરજ.
રોજ ૭મો માહા ૧૦મો સને ૧૨૪૪ ઈઅજદજરદી.

લા૦ તમારો હમેશનો દુવાગો,

પેશુતન દસતુર બેહેરામજી શંજાણાની સલામ વાંચજોજી

દસતુર પેસુતનજીના ઉપલાં એક બીજાથી તદન ઉલટાં મતો વાંચી કોણ દાનેશમંદ આફરીન નહી કરશે? રૂસતમપરાના જર તોસતીઓને દસતુર પેશુતનજી લખી જણાવેછે કે "પણ ઘેહે" બદલાવાનાં સબબથી આપણા બુજરેગોએ દુર અંદેશેથી દીનનાં કામની અંદર બેશક "બેગુમાંન રેહેવા સારૂ તે ઊપર ૧૩ મહીના ગુજરેઆ પછી તે કુવાનાં પાણી વાપરવાનો ઠેરાવ કરેઓ છે" અને વલી સુરતનાં શેઠીઆઓને એ દસતુર હેવું ફરમાંન બતાવેછે કે ઘેહે બદલાવાનાં સબબે ૧૩ મહીના સુધી કુવાના પાણી રીમન છે જે "વીશેનું ફરમાન વંદીદાદની સાતમો પરગરદનાં પાક અવસતામાં આવેલું છે." આ પરમાણે દસતુર પેશોતનજી એકગમ "આપણા બુજરેગો" નો હવાલો આપી, બીજીગમ "વંદીદાદની સાતમી પરગરદનું" ફરમાંન જાહેર કરેછે! દસતુર પેશુતનજીનાં આવા એક બીજાથી ઉલટા વીચારોની અઠડા અઠડી જોઈ તેવણનાં એક દશતુર તરીકેનાં જ્ઞાન ઉપર મોટો અફશોશ છુટે છે. પણ હમો એ દસતુરજીને પુછીએ છે કે તેવણ વંદીદાદની સાતમાં પરગરદમાંથી એકબી અવસતાનો કલાંમ હેવો દેખાડી આપશે કે જેમાં એક કુવાનું પાણી જુદદીનનાં મરણ પાંમવાથી રીમન થયું માટે ૧૩ મહીનાં સુધી વપરાએ નહીં તે વાંશે કાંઇ પણ બીનાં આપી હોય? હમો દસતુર પેશુતનજીને જાહેરમાં "ચાલેંજ" કરીએ છીએ કે તેવણના બોલવામાં જો કાંઈપણ સચાઈ હોએ તો સુરતના શેઠીઆઓ જોગ લખી મોકલેલાં પોતાના પતરમાં જણાવેલી બીના ખરી પાડી આપવાને તેવણે મે

દાન પડવું. ઘણાએકોને શક પડે છે કે દસતુર પેશુતનજીને દસતુર દારાબજીનું કે કોઇ બીજા સાહેબોનું મોંહોડું રાખવાની દુખભરી ફરજ આવી પડવાથી આ રીતના એક બીજાથી જુદાજ વીચારો આપવાના વમલમાં ગોથા તણાંવું પડયું છે. વંદીદાદની સાતમી પરગરદમાં દસતુર પેશુતનજી જણાવે છે તેવું કશું ફરમાન આપાંઉં નથી. અને અગરજો તેવું કાંઈ ફરમાન દસતુર પેશુતનજીનેજ ફકત માલમ હોય તો મેહેરબાની કરીને તેવણે સાતમો પરગરદમાં એ ફરમાણને લગતા આવેલા અવસતા ટાંકવાની તશદી લેવી. પણ હમોને ધાસતી લાગે છે કે દસતુર પેશુતનજી એ લડાઈનાં મેદાનમાંથી નાહાસી જવાની તજવીજ કરશે. અથવાતો "શબશેબરી ચુપ" અખતીઆર કરવામાં વધારે ડાહાપણ સમજશે. તોપણ આ ધરમ સંબંધી બાબદમાં ખચીત કરીને એ દસતુરે પોતાની ભુલ કબુલ કરવી જોઇએ છે, અથવા હમારૂં લખાણ ખોટું છે તે સાબેત કરવાને ખચીત કરીને પોતાની ફરજ વીચારવી જોઈએ છે.

(ઇઅજદાં પરસત તા૦ ૨૫મી જુલાઇ સને ૧૮૭૫.)

દસતુર પેશોતનજીએ રૂસતમપરાના કુવાના સંબંધમાં આપેલાં બે મતો બાબે હમોને સુરતથી તેમજ અતરેથી ઘણાએક ચરચા પતરો મલીયાં જાય છે જેઓનો શાર ફકત એટલોજ છે કે દસતુર પેશોતનજીમાં કાંઇ પાણી હોએતો યજદાં પરસતની ચાલેંજ કબુલ કરવી.

નવસારીવાલા દસતુર રૂસતમજી કેકોબાદજી તર ફથી આવેલો પતર.

જત તમો સાહેબોનો કાગજ પોહોંતો તે મધે તમો શાહેબો લખો છો કે હમારા રૂસતમપુરાના મોટા કુવામાં દરવંદ દુબલો પ ડી મરણ પાંમયો છે. તે પાણી વપરાય કે નહીં તે દીનના ખરા ફરમાનથી જણાવવું હેવું ફરમાવોચ. હેનું જાણવું એ જે આપણા પાક બલી માજદીઅશની દીનના પવીતર અવસતાથી વંદીદાદની પાંચમી પરગદની અંદર જાહેર છે કે તે વીશે આપણા પવીતર પે ગંબર દાદાર હોરમજદને સવાલ કરે છે કે,

અએ તનો મન દુનીઆના પેદાકરનાર અશો હોરમજદ અગ રજો કોઈ બે પગ વાલો દરવંદ ગુનેહગાર (ઈઆને જરતોસતી કોમ થી જુદો) હોએ તે જીવતાં સું કરે છે અને મુવાં પછી સું કરે છે તે વારે જવાબ દીધો દાદારે કે અએ શપીતમાન જરતોશત જે દરવં દ ના અશો છે તે જીવતાં નશો છે. (ઈઆને જીવતા દરવંદોને અડ કે તો અડકનાર રીમન થાય છે) આએ ઉપલી અવસતાથી ખુલલી રીતે માલમ પડે છે કે જુદદીનવાલાને મુવા પછી દરૂજે નશશ લા ગુ નથી પડતો તેથી તે જુદદીન જો કુવામાં પડી મરણ પામે અથવા આપણા ઘરમાં મરે તો તે કુવોણી વપરાય અને આપ ણા ઘરનેબી કંઈજ નોકશાન નહીં પોંહોંચે. એ કુવામાં પડનાર દુબ લો જો મરણ પામયો હોય અને તેના ઉપર એક આખો દીવસ રા ત સાથે ગુજરી જાય પછીં તેને કાહાડે તોપણ તે મરણ પામેલા દ રવંદથી કુવાને કસી હરકત નથી. એજ અરજ.

રોજ ૩૦ માહા ૧૦મો સને ૧૨૪૪ ઈઅજદ જરદી

દસતુર અશપંદીઆરજી ફરામજી રબાડીનાએ આપેલું મત.

જત તમો શાહેબોનો તા૦ ૨૫મી મેહે સને ૧૮૭૫ની તારીખનો લખેલો કાગલ ભાઇ આદરજી દાદાભાઈ પોપટ તથા શેરાબજી ખરશેદજી દલાલની મારફતથી પુગો છે તે મધે તમો સાહેબોએ લેડના કુવામાં પડેલું વાસણ કાહાડવા સારૂ ઉતરેલો દુબલો મરણ પાંમઓ અને તેને મુડદાંને બાહાર કાહડયું તેથી કુવો રીમન થયો કે નહીં અને તે કુવાનું પાણી વાપરવામાં લેવું કે નહીં તે બાબે ધરમપુસતક વંદીદાદ મધે જે હકીકત આવેલી છે તે તમો શાહેબોને જાણવા સારૂ હેઠલ લખી દેખાડી છે તેથી વાકેફ થવું.

વંદીદાદની પાંચમી અને બારમી પરગારદમાં હેવું ફરમાવેલું છે કે કોઈબી જુદદીન દરવંદ જીવતાંજ અપવીતર છે અને મુવા પછી તે એક વરસના મુએલા દેડકા જેવો છે એટલે જેમ બીજા ખરફસતરોમાથી ઊંદર, બીલાડાં કુવામાં પડીઆં હોએ તેને કુવામાંથી બાહાર કહાડી તે કુવો વાપરવામાં લીએ કેમકે તે જુદદીન દરવંદને, જેમ જરતોસતી દીનના માણસને મુવા પછી નસસ પોંહોંચેચ તેમ તે દરવંદના મુવા પછી, નસસ પોંહોંચતો નથી માટે તે કુવો રીમન થતો નથી.

વલી વંદીદાદમાં એવી હકીકત આવેલી છે કે અનાજનો કાઇ મોટો ઢગલો અથવા વખાર હોએ તો તેને જો નશો લાગે અથવા નશો પડે તો તે ઢગલાનો થોડો ચોકશ ભાગ કહાડીને તેને

પરેજ કરે અને બાકીનો સઘલો ભાગ વાપરવામાં લીએ એવો હોક્મ ફરમાવેલો છે.

વલી વંદીદાદમાં એવી બીજી હકીકત આવેલી છે કે એક બીછાના ઉપર ઘણા જરતોશતીઓ સુતેલા હોય અથવા બેઠેલા હોય તેમાંથી કોઇ માણસ કજાથી મરણ પામે તો પછે તેની આસપાસની ચોકસ શંખ્યાને નશશ પોંહોંચે તેથી તેઓ અપવીતર થાય પણ બાકી બીજા સઘલાને અપવીતરાઈ પોંહોચતી નથી.

વલી વંદીદાદમાં એવીબી હકીકત આવેલી છે કે સુકાં અથવા લીલાં લાકડાને નશો લાગો હોએ અને તેથી તે અપવીતર થયું હોય તો પછી જરતોશતીઓ, તે લાકડું જો શુકું હોયતો લાગેલા નશાથી બે વેંહેત બરાબર કાપીને બાકીનું લાકડું પાણી છાંટી વાપરવામાં લીએ અને જો લીલું હોયતો લાગેલા નશાથી એક હાથનાં લંબાઇ જેટલું બરાબર કાપી નાખે અને બાકીના લાકડાને, પાણી છાંટી તે શુકાયા પછી કામમાં લીએ અને તે કાપલા જે કટકા તે જમીનમાં દાટે.

વંદીદાદમાં એવુ ફરમાન આવેલું છે કે કોઈ માણુસ કુવામાં પડી મરણ પામે તો તેને કુવામાંથી બાહાર કાઢયા શીવાય તે કુવાનું પાણી વાપરવામાં લીએ નહીં અને તે માણસને બાહાર કાઢયા પછે તે મધેનો પાંચમો ભાગ પાણી કાઢી નાખયા પછે તે કુવો વાપરવામો લીએ અને બાહાર કાઢેલા માણસને સગડીડ કરી તેને ઠેકાણે પહોંચાડે.

વંદીદાદમાં એવું ફરમાન આવેલું છે કે બંધ પાણીવાલા તલાવમાં નશો પડે અથવા માણશ ડુબી મરે તો પછે તે નશાને

અથવા ડુબી મુએલાં માણસને તેમાંથી બાહર કાઢી સુકી જમીન ઊપર મેલે અને તલાવ મધે જેટલું પાણી હોય તે મધેથી એક હીસો અથવા બીજો હીસસો અથવા તરીજો હીસસો અથવા ચોથો હીસસો અથવા પાંચમો હીસસો પાણી કાહાડી નાખે, તાર પછે તે તલાવનું બાકી રહેલું પાણી ખાધા તથા વાપરવામાં લીએ.

ઉપર જણાવયા મુજબ વંદીદાદમાં ફરમાનો આવેલાં છે તે સઘળું લખી દેખાડતાં ઘણું લંબાણ થાય માટે તેની મતલબ તમો શાહાઓને વાકેફ થવા સારૂ લખી દેખાડી છે, તે ઉપરથી શાફ માલમ પડશે કે દરવંદ માણસ કુવામાં મરણ પામીઆથી કુવો રીમન થતો નથી અને તે મધેનું પાણી વાપરવામાં આપણા ધરમપુસતક પરમાણે કશી અડચણ નથી.

તા૦ ૧લી જુન ૧૮૭૫.

દસતુર એરચજી સોરાબજી મેહેરજી રાણાએ વાલેલો જવાબ.

તમારો તા૦ ૩૧મી મેએ ૧૮૭૫નો લખેલો કાગજ મને બર વખતે પોંહાંતો છે તેમાં તમે લખો છો કે હમારા પરામાના શેડના કુવામાં હીંદુ પડી મરણ પામયો છે અને તેને ઘેહે બદલાયા પછી બાહાર કાહાડયા પછી કોશથી પાણીનો મોટો ભાગ કાહાડી તે કુવાનું પાણી કેટલાક જરતોસતીઓ વાપરે છે. અને કેટલાકો કહે છે કે એ કુવો રીમન થયો તે એક વરસે પાક થાય માટે એ બાબે અવસતાના પાક કલામોથી જે ફરમાન હોય તે જણાવજો.

એનો જવાબ કમતરીનના તરફનો એ છે જે આપણા પાક અવસતા મધે કુવામાં નસો પડવા બાબે જે જીકર આવેલી છે તે ધયાનમાં લેતાં તમારા લખયા મુજબ પાણીનો મોટો ભાગ કુવામાં થી કાહાડીને પછી તે કુવાનું પાણી જરથોસતીઓએ વાપરવામાં લેવું મુનાશેબ છે તે વીશે વંદીદાદની છઠી પરગરદમાં પેગંબર જરથોસતે હોરમજદને પુછયું છે તેનો જવાબ હોરમજદે નીચે જણાવયા પરમાણે વાલેઓ છે તે વીશેના અસલ અવસતા :–

દાતરે ગએથનામ અસત વહુતનામ અશાઉમ ચવદ અગ્મે તં ઘહાડુ આપો ઇઅદ ચાતઇઆડુ ડુજુ હથીઆડુસચ અએશ દરૂખસ ઈઆ નસુસ અખતેચ પવેતેચ આહેતેચ ફરાસ નઓહુતે આઅદ મર ઓદ અહુરો મજદાડુ વીસપેમ આ અહુમાદ અએશ આકૃસ અઈઅ ઓજદીઅ અનઅહવેશ ખરેથ ઇઅવદ અએશ નશુશ નેજબેરેતે ડુસ હચ નસાઓ અએતવદ અપદ હચ નેજખારઇ એન ઈઅદ વા નએમેમ ઇઅદ વા થરેશુમ ઈઅદ વા ચથરૂશેમ ઈઅદ વા પંઘહતંઘેમ ઇએજે તુતવ નવાદ તુતવ પસચ નસાવો નેજબેરેતે પસચ આપો પર હેખતે અએશ આકૃશ ઈઅ ઓજદીઅ બવહુતે વસો અહવસ ખરેથ પસુબીઅ વીર એહુ બીઅ અમથ ઈઅથ પરચેદ.

ઊપલા અવસતાનો તરજુમો.

આએ હાડમંદ દુનીઆના પેદા કરનાર અશો ! આઓ પાણીઓ જે કુવાનાં અને જહરાના (છે) તેમાં આએ દરૂજે નશશ કેટલી દરાજીએ ગલીચાઈ કોહોવાટ અને ગલગેશ પોંહોંચાડે છે. તે ઉ

પરથી હોરમજદે જવાબ દીધો કે જાંહાં સુધી આએ નસાને બાહેર કાહાડે તાંહાં સુધી આએ પાણી અપવીતર એટલે નહીં પીવાને લાએકનું છે. એટલા માટે માજદીઅસનાનો તે નસાને પાણીમાંથી બાહેર કાહાડે અને તેને સુકી જમીન ઉપર લઈ જઈને મેલે જો માજદીશનાનો શકતીવાંન થાએતો તે પાણીમાંથી અડધો હીસો ને નહીં શકતીવાન થાએતો તરીજો હીસો અથવા જો શકતીવાન થાએ તો ચોઠો હીસો ને નહીંતો પાંચમો હીસો બાહેર કાહાડી નાંખેઆ પછી તે (કુવાનું અથવા જહરાનું) પાણી પાક થાય છે માટે પશુ અને માણશો અગાઉની માફક ખુશી મુજબ પીએ

હવે પેહેલાં તમારે આટલી વાત ધેઆનમાં રાખવી કે એક માણસ કુવામાં પડીને મરણ પાંમે અને કોઈ શખશ નસાની ચીજને બાહેરથી લાવીને કુવામાં નાંખે એ બે બાબતોમાં તફાવત છે. કેઆને કુવામાં પડીને મરણ પાંમનારથી એટલી રીમની તે કુવાના પાણીને પોંહોચે છે તેના કરતાંને નશાની ચીજ બાહેરથી લાવીને કુવામાં નાખવાથી વધારે રીમની તે કુવાના પાણીને પોહોચે છે. તારે તમો અને બીજા દરેક વાંચનારાઓની ખાતરી થશે કે મજકુર અવસતા મધે જે સવાલ આવેલો છે તે કુવામાં ખુદ નશો પડવા વીશેનો છે. ધારોકે એક માણસ પાંચ ઈઆ પંદર દાહાડાનો ગુજરી ગયો હોએ અને તેના શરીરનો કોઈ એક ભાગ (પછી તે ગમે તેવી હાલતમાં ખરાબ થએલો હોએ તે) લાવીને કોઈ કુવામાં નાંખે તે વેલાએ ઉપલા ફરમાન મુજબ અમલ કરવાથી તે કુવો વપરાઈ શકાએ છે તારે એક માણસ કુવામાં પડી મરણ પાંમેલા કુવાને વાપડવામાં કશીબી અડચણ નથી.

તેને પેહેલી ગેહેમાં કાહાડવો કે બીજી ગેહેમાં કાહડવો તે વોશે ઉપલા અવસતામાં કશું જણાવેલું નથી તારે તે વીશેનો વાંધો લેવો દરૂસત નથી પણ તેને જેમ બીજી ગેહેમાં કાઢેઓ છે તેમ તમોએ તેનું પાણી કાહાડી નાંખીઊં છે. એટલે તેની કશી અઆણુ નથી. અને જારે ખુદ નશો પડેલું પાણી ઉપલા અવસતા પરમાણે પાક થઇ શકે છે અને વાપડવાનું ફરમાન છે તારે કુવામાં પડનાર ધણી જુદદીન હતો કે ગાજદીઅસની હતો તે વીશે કશો વાંધો નથી માટે ઉપલા અવસતાના કલામોથી તપાસતાં સાબેત થાએચ કે કુવાનું પાણી વાપરવામાં કશી હરકત નથી.

મુંબઈ તા૦ ૯મી જુન ૧૮૭૫.

નેકનાંમ પારસી મેહેરવાંનજી હોસંગજી વગેરે રૂસતમપુરાના જરતોસતીઓ જોગ લા૦ દાવર રૂસતમજી ખુરશેદજી મોદી વગેરે સમશત અનજુમનની સલામ વાંચવી. જત તમારો કાગજ તા૦ ૨૮ મા મેએનો લખેલો આવેઓ તેગાં તમોએ લખુ જે "રૂસતમપરાના શેઠના કુવામાં એક કુબડો પડી મરણ પાંમેઓ ને તેહેને કુવામાંથી બાહાર કાહાડી એ કુવા મધેના પાણીનો કેટલોએક ભાગ પાણી કાહાડી નાંખી કુવો વાપરવો સરૂ કીધો, તેમાં એ કુવાનું પાણી કેટલાએક જરતોસતીઓ પોતાના વાપરવાના કામમાં લીએ છે ને કેટલાએકો એ કુવો રીમન થયો એમ બતાવી વાપરતા નથી તેથી ખરૂં શું છે તે વીશે ઘણા લોકાના મનમાં શંશય ઉતપન થયો છે. તે ટાલવાને સારૂ આપ સાહેબોએ ઉપલી હકીકત નીધાતરે લઇ એ કુ